આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કૃપાલી મહીચ્છા

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **07-10-2024** સમય : સવારે **6.50** વાગ્યે

---

## જુની પેન્શન યોજના

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર ખાતે મળેલી રાજ્ય મંત્રીમંડળની કેબિનેટ બેઠકમાં ગુજરાત સરકારના લાખો કર્મચારીઓના હિતલક્ષી જૂની પેન્શન યોજના અંગેના મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યા હતા. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત સરકારના કર્મચારીઓ દ્વારા રાજ્ય સરકાર સમક્ષ કરાયેલી વિવિધ રજૂઆતો સંદર્ભે મુખ્યમંત્રી  ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ઐતિહાસિક નિર્ણયો લેવામાં આવ્યા હતા. જે મુજબ, 1 એપ્રિલ, 2005 પહેલા વિવિધ સંવર્ગના ફિક્સ પગારમાં નિમણૂંક કરાયેલા 60,245 જેટલા અધિકારી-કર્મચારીને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા રાજ્ય સસરકારે સૈધ્ધાંતિક સ્વીકાર કર્યો છે.

માહિતી ખાતુ

---

## વિકાસ સપ્તાહ

રાજ્યમાં આજથી 15મી ઑક્ટોબર દરમિયાન વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવશે. વર્ષ 2001માં સાતમી ઑક્ટોબરે વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યના 14મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા ત્યારથી અત્યાર સુધી 23 વર્ષની સંકલ્પ સિદ્ધિની ગાથા લોકોમાં ઉજાગર કરવા હવે દર વર્ષે વિકાસ સપ્તાહ ઉજવવામાં આવશે. ગઇકાલે યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.

આ અંગે માહિતી આપતા રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, 'આ સપ્તાહ દરમિયાન ભારત વિકાસ પ્રતિજ્ઞા, યુવા વર્ગની સહભાગિતા અંગે શાળા-કૉલેજમાં નિબંધ સ્પર્ધા સહિતના વિશેષ કાર્યક્રમ યોજાશે. દરમિયાન 3 હજાર 500 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે.

**RNU અમદાવાદ**

---

## ડાક સપ્તાહ

રાજ્યમાં આજથી 11મી ઑક્ટોબર દરમિયાન રાષ્ટ્રીય ડાક સપ્તાહનું આયોજન કરવામાં આવશે. આ સપ્તાહ દરમિયાન ડાક

સેવાઓની સેવાઓમાં થયેલી નવીનતાની જાગૃતિ વધારવા અને ગ્રાહક આધારનો વિસ્તાર કરવા પર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

આ સપ્તાહ દરમિયાન મેલ અને પાર્સલ કસ્ટમર્સ મીટ, ડાકઘર નિર્યાત કેન્દ્ર, આધાર કેમ્પ, નાણાકીય સાક્ષરતા અભિયાન, બચત સેવાઓ, ડાક જીવન વિમા, સુકન્યા સમૃદ્ધિ યોજના અને ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક ઉત્પાદનો વગેરેને લઈને દરેક જિલ્લામાં નાણાકીય સશક્તિકરણ મેળા અને ડાક ચોપાલનું આયોજન કરવામાં આવશે. તો નવમી ઑક્ટોબરે 'સંચારને સક્ષમ બનાવવાના અને રાષ્ટ્રોના લોકોને સશક્ત બનાવવાના 150 વર્ષ' ની વિષયવસ્તુ સાથે યુનિવર્સલ પોસ્ટલ યુનિયન 150મી વર્ષગાંઠની ઉજવણી કરશે.

**RNU અમદાવાદ**

---

## ક્રિકેટ

મહિલા T-20 વર્લ્ડ કપમાં ભારતે પાકિસ્તાનને 6 વિકેટે હરાવ્યું છે. દુબઈના ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રવિવારે પાકિસ્તાને ટૉસ જીતીને બેટિંગ કરવાનું પસંદ કર્યું હતું. ટીમે 20 ઓવરમાં 8 વિકેટ ગુમાવીને 105 રન બનાવ્યા હતા. જવાબમાં ભારતે 18.5 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કરી લીધો હતો. મહિલા T20 વર્લ્ડ કપમાં 8 મેચમાં પાકિસ્તાન પર ભારતની આ છઠ્ઠી જીત છે.

ભારતે બંગલા દેશને પ્રથમ ટી 20 મેચમાં 7 વિકેટે હરાવી વિજયી પ્રારંભ કર્યો છે. ગ્વાલિયર ખાતેની મેચમાં બાંગ્લાદેશની ટીમ 127 રનમાં આઉટ થઈ ગઈ હતી. જવાબમાં ભારતીય ટીમે.3 વિકેટ ગુમાવી 132 રન કરી મેચ જીતી લીધી હતી. આ અગાઉ ભારતે બન્ને ટેસ્ટ મેચ જીતી બાંગ્લાદેશને હાર આપી હતી.

**RNU અમદાવાદ**

------------------------------------------------------------------------

## કાળા ડુંગર સફાઇ

કાળાડુંગર પરથી બી.એસ.એફ અને વનવિભાગના સંયુક્ત ઉપક્રમે ૧ ટન જેટલું પ્લાસ્ટિક- કચરો એકત્રિત કરવામાં આવ્યો હતો. નાયબ વન સંરક્ષક ,કચ્છ પૂર્વ વન વિભાગ -ભુજના માર્ગદર્શન હેઠળ ભુજ ઉત્તર રેંજ ધ્વારા કચ્છ રણ વન્યપ્રાણી અભયારણ્યના કાળા ડુંગર ખાતે સહ ભાગીદારીથી સ્વરછતા હી સેવા ઝુંબેશ કાર્યક્રમ યોજાયો હતો. જેમા ભારતીય લશ્કર, બી.એસ.એફ -ખાવડા, ઉચ્ચતર માધ્યમિક શાળા -ખાવડાના વિધાર્થીઓ-શિક્ષકો, દત મંદિર ટ્રસ્ટનો સ્ટાફ, પ્રવાસન વિભાગનો સ્ટાફ તથા વનવિભાગના સ્ટાફ દ્વારા અંદાજીત ૧ ટન જેટલું પ્લાસ્ટિક- કચરો એકત્રિત કરવામાં આવ્યો હતો.

**N.P. કૃપાલી મહીચ્છા**

------------------------------------------------------------------------